# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
# કચ્છ યુનિવર્સિટી

કચ્છ યુનિવર્સિટી કાર્યાલય
મુન્દ્રા રોડ, ભુજ.
રેફ.નં. ક.યુ./પરિપત્ર/૨૦૨૬-૨૭/૧૬૧
તા. ૨૧-૧૦-૨૦૨૬

પરિપત્ર ક્રમાંક- 179/2026-27

**વિષય: NEP 2020 અન્વયે અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પાસિંગ ગુણના ધોરણો અને આંતરિક મૂલ્યાંકન અંગે.**

યુનિવર્સિટીના બોર્ડ ઓફ ડીન્સની તા. ૧૭-૧૦-૨૦૨૬ના રોજ મળેલ બેઠકમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) ના અમલીકરણ સંદર્ભે સઘન ચર્ચા-વિચારણાના અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ છે, જેનો યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક ભવનો/વિભાગો તથા સંલગ્ન કોલેજોએ અમલ કરવાનો રહેશે.

**૧. પાસિંગ ગુણ (Passing Marks) ના ધોરણો અંગે:**

અનુસ્નાતક અભ્યાસક્રમોના મૂલ્યાંકનમાં એકરૂપતા જળવાય અને વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે સમાન ધોરણ અમલમાં રહે તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી કુલ ગુણના આશરે ૩૬% પાસિંગ ગુણ નિર્ધારિત કરવામાં આવે છે. ગુણનું વિભાજન નીચે મુજબ રહેશે:

- આંતરિક મૂલ્યાંકન (૫૦ ગુણ): પાસ થવા માટે ૧૮ ગુણ
- આંતરિક મૂલ્યાંકન (૨૫ ગુણ): પાસ થવા માટે ૯ ગુણ
- થિયરી પરીક્ષા (૩૫ ગુણ): પાસ થવા માટે ૧૩ ગુણ
- પ્રાયોગિક પરીક્ષા (૧૫ ગુણ): પાસ થવા માટે ૫ ગુણ

કોઈ અનુસ્નાતક ભવનમાં ગુણભારમાં તફાવત આવતો હોય તો કુલગુણના ૩૬% પાસિંગ ગુણ ગણવાના રહેશે.

નોંધ: ઉપરોક્ત પાસિંગ ગુણનું ધોરણ થીયરી અને પ્રેક્ટીકલ બંને પરીક્ષાઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી એકસમાન રીતે લાગુ પડશે.

**૨. આંતરિક મૂલ્યાંકન (૫૦ ગુણ) ના માળખા અંગે:**

વિદ્યાર્થીઓના વિષયજ્ઞાન, લેખનકૌશલ્ય, રજૂઆતની ક્ષમતા, વર્ગખંડમાં હાજરી, સહભાગિતા તથા મૌખિક અભિવ્યક્તિનું સર્વગ્રાહી અને પારદર્શક મૂલ્યાંકન થાય તે હેતુથી કુલ ૫૦ ગુણના આંતરિક મૂલ્યાંકનનું વિતરણ તમામ ભવનો/વિભાગો માટે એકસમાન રીતે નક્કી કરવામાં આવે છે

1. લેખિત પરીક્ષા: આંતરિક મૂલ્યાંકનના કુલ ૫૦ ગુણમાંથી ૨૫/૨૦ ગુણ ની લેખિત પરીક્ષા યોજવાની રહેશે.
2. અન્ય આયામો દ્વારા મૂલ્યાંકન: બાકીના ૨૫/30 ગુણ નું મૂલ્યાંકન નીચે દર્શાવેલ મુદ્દાઓમાંથી સંબંધિત ભવન/વિભાગ દ્વારા નક્કી કરાયેલા આયામોના આધારે કરવાનું રહેશે.
    - અસાઇનમેન્ટ (Assignment)
    - રિસર્ચ વર્ક Research Work)
    - સેમિનાર (Seminar)
    - પ્રેઝન્ટેશન (Presentation)
    - હાજરી (Attendance)
    - વર્ગખંડમાં સહભાગિતા (Classroom Participation)
    - મૌખિક પરીક્ષા (Viva-Voce)
    - વગેરે

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી ઉપરોક્ત બંને નિર્ણયોનો અમલ સંબંધિત તમામ અનુસ્નાતક ભવનો, વિભાગો અને સંલગ્ન કોલેજોએ ચુસ્તપણે કરવાનો રહેશે.

૨૧/૧૦/૨૫

કુલસચિવ

કચ્છ યુનિવર્સિટી

BHUJ - Kachchh 370001 Krantiguru Shyamji Krishna Verma Kachchh University

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે-

(૧) માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ સવિનય જાણ અર્થે.

(૨) ડીનશ્રી, તમામ વિદ્યાશાખા, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ તરફ.

(3) અધ્યક્ષશ્રી, તમામ અનુસ્નાતક ભવનો, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી તરફ.

(3) આચાર્યશ્રી, યુનિવર્સિટી સંલગ્ન સંબંધિત કોલેજ તરફ.

(૪) પરીક્ષા નિયામકશ્રી, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ તરફ.

(૫) સીસ્ટમ એન્જિનિયરશ્રી, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ તરફ.

(૬) પરિપત્ર ફાઇલ.